સે- ૭ સરકારી માધ્યમિક શાળામાં બે કરોડના ખર્ચે નવુ ફર્નિચર બનશે

ગાંધીનગર સમાચાર

# પીડીપીયુના વિદ્યાર્થીઓએ મોટાભાઈની ભૂમિકા અદા કરી

## રાયસણ પ્રા. શાળાના બાળકો માટે બે કોમ્પ્યુટરની ભેટ આપી મોટાભાઈની ચિંતા બતાવી : બાલવામાં યુએસએ સ્થિત મૂળજીભાઈએ બે જોડી ગણવેશ આપ્યા : આંત્રોલીમાં કોમ્પ્યુટર રૂમના નિર્માણ માટે ૩ લાખનું દાન મળ્યુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક રાયસણ ગામે આવેલ પીડીપીયુના વિદ્યાર્થીઓએ ગામની પ્રાથમિક શાળાના બાળકોને બે કોમ્પ્યુટરની અનોખી ભેટ આપી છે.

જિલ્લામાં ચાલી રહેલા ત્રિદિવસીય પ્રવેશોત્સવમાં બે દિવસમાં જ ૭૭,૬૧,૪૧૧નું દાન શૈક્ષણિક સંસ્થાઓને મળ્યું છે. જેમાં રૂ. ૫,૨૯,૪૮૫ના રોકડ દાનનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૭૨,૩૧,૯૨૬નું વસ્તુ સ્વરૂપે સંસ્થાઓને દાન પ્રાપ્ત થયું છે.

રાયસણ નજીકની ડિમ્ડ યુનિ. પીડીપીયુના વિદ્યાર્થીઓ સંસ્થાની નજીકના જ ગામના બાળકોના શિક્ષણની ચિંતા કરી મોટાભાઈની અનોખી ભૂમિકા ભજવતાં સૌના હૃદય આજે ગળગળા થઈ ગયા હતા અને આંખના ખૂણાઓ ભીંજાઈ ગયા હતા.

કોબામાં પણ નવા કોબા અને જૂના કોબાના બાળકોને ગણવેશ સિલાઈ સાથે ભેટ આપવાની જાહેરાતથી પણ વિદ્યાર્થી જગતમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

તો મૂળજીભાઈ ચૌધરી જે હાલ યુએસએ ખાતે રહે છે તેમણે બાલવા ગામની શાળાના બધા બાળકોને બે જોડી ગણવેશની ભેટ આપી છે. અંદાજિત ખર્ચ રૂ. ૩.૫૦ લાખ થાય છે.

કલોલ તાલુકાના પલસાણા ગામે મકાજી ઠાકોરે શાળામાં પાણીની પરબ, આર.ઓ. પ્લાન્ટ તેમજ વોટરકુલરની ભેટ આપી છે. આ જ પ્રમાણે હાજીપુર ખાતે એસ.આર. પ્લાયવુડના રાજુભાઈએ શાળાના બધા બાળકોને બે જોડી ગણવેશ, ધો. ૧માં પ્રવેશ પામેલ ૫૦ બાળકો માટે સ્કુલ બેગ, વૉટર બેગ અને પુસ્તક નોટબુક્સની ભેટ આપી છે.

દહેગામ તાલુકાના આંત્રોલી ગામે ભારતસિંહ સોલંકીએ કોમ્પ્યુટર લેબ બનાવવા માટેના બાંધકામ મટીરીયલ્સના ખર્ચ પેટે રૂ. ત્રણ લાખનું દાન આપેલ છે.

જિલ્લામાં શૈક્ષણિક સ્તરની સુધારણા માટે હવે શ્રેષ્ઠીઓ પણ આગળ આવ્યા છે ત્યારે શિક્ષણ ગુણવત્તાસભર બનશે તેવી આશા રાખીએ.



વરસાદનો વરતારો - હમણાં હમણાં સોશ્યલ મિડિયામાં મેસેજ ખૂબ ચર્ચાય છે... 'કે હવામાન વિભાગ કે જ્યોતિષાચાર્ય વરસાદ માટે ગમે તેટલી આગાહી કરે પરંતુ ટીંટોડીના ઈંડાનો ફોટો છાપામાં ન છપાય ત્યાં સુધી વરસાદ આવતો નથી...' વાત મજાકની છે... પણ મ્હેણું ટાળવા પથિકાશ્રમ હોટલના ધાબા પર ટીંટોડીએ ઈંડા મુક્યાની આ તસવીર પ્રસિદ્ધ કરીએ છીએ અને તે વધુ વરસાદનો વરતારો સૂચવે છે...

# શહેરમાં રાષ્ટ્રીયકક્ષાનું ક્રિકેટ ગ્રાઉન્ડ બનશે

## સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનમાં હવે રણજીટ્રોફી તેમજ આઇ.પી.એલ. પણ રમાશે : ક્રિકેટ મેદાનને ૨૫ કરોડના ખર્ચે અધતન બનાવાશે : આંતરરાષ્ટ્રીય ક્રિકેટર ધીરજ પરસાણાના માર્ગદર્શન હેઠળ પીચ તૈયાર કરાશે : વી આઇ પી ગેલેરી, ખેલાડીઓને રહેવા માટેના રૂમ પણ બનશે

ગાંધીનગર તા ૯

સે-૨૧ જીમખાના ક્રિકેટ મેદાનને અધતન બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. આ માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. ક્રિકેટ મેદાનમાં પેવેલિયન, ખેલાડીઓ માટેની રૂમો તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાની પીચ તૈયાર કરવામાં આવશે. ભવિષ્યમાં રણજીટ્રોફી તેમજ આઈ પી એલ કક્ષાની મેચ આ મેદાનમાં રમાય તેવી સંભાવના પણ છે.

સે-૨૧ જીમખાના મેદાનમાં સ્થિત ક્રિકેટ મેદાનને અધતન બનાવવા માટેની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જીમખાનામાં સ્વીમીંગ પુલ સહીતની સુવિધાઓ અપગ્રેડ કરાયા બાદ હવે ક્રિકેટ મેદાનનુ નવિનીકરણ હાથ ધરાશે. ગાંધીનગરમાં પ્રથમવાર આ પ્રકારનુ મેદાન બનશે. પ્રાપ્ય માહીતી અનુસાર સે-૨૧ ક્રિકેટ મેદાનને હાઈફાઈ બનાવવા માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. આ અન્વયે પેવેલીયન, વી આઈ પી ગેલેરી, હોટલ જેવી સુવિધા ધરાવતા ખેલાડીઓ માટેના રૂમો ટોઈલેટ બ્લોકનુ પણ નિર્માણ કરવામાં આવશે. જયારે રમતના મેદાનને પણ વિશેષ રીતે તૈયાર કરવામાં આવશે. આ માટે પીચ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાની તૈયાર કરાશે. ભારતીય ક્રિકેટરોના માર્ગદર્શન મુજબ પીચ તૈયાર થશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટર ધીરજ પરસાણાનુ પણ માર્ગદર્શન લેવાશે. શહેરના હાર્દસમા વિસ્તારમાં હાઈટેક ક્રિકેટ મેદાન તૈયાર કરવા માટેની ગતિવિધિઓ હાથ ધરાતા નગરના યુવાનો તેમજ ક્રિકેટ રસીયાઓમાં પણ ઉત્તેજના પ્રવર્તી છે. નગરના યુવાનો પણ જીમખાના ક્રિકેટ મેદાનમાં ઘણીવાર ક્રિકેટ ટુર્નામેન્ટ રમતા હોવાથી ક્રિકેટ મેદાનને અપગ્રેડ કરવાની યોજનાને અનુલક્ષી અધીરા બન્યા છે. ત્યારે ટુંક જ સમયમાં ક્રિકેટ મેદાનના નવિનીકરણનુ કામ શરૂ કરી દેવાશે. ભાવિ સમયમાં રણજીટ્રોફી તેમજ આઈ પી એલ કક્ષાની મેચ પણ આ મેદાન પર રમાઈ શકે તે મુજબની પેટર્ન પર ગ્રાઉન્ડ તૈયાર કરાશે. જો કે મેદાનને વધુ મોકળુ તેમજ આનુસંગિક સુવિધાઓ માટે વિશેષ રીતે તૈયાર કરવા માટે નજીકના બગીચાની જગ્યા ફાળવવા ઉપરાંત જીમખાના અને મેદાન વચાળેથી પસાર થતા માર્ગને બ્લોક કરી દેવા પણ વિભાગને તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.



# બીજા દિવસે ૩૫૧૫ બાળકોનું નામાંકન

## સૌથી ઓછી સફળતા માણસામાં ૨૧ ગામમાં માત્ર ૪૪૦ બાળકોએ જ પ્રવેશ લીધો : ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્યાંક પ્રાપ્તી સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે પ્રવેશોત્સવના બીજા દિવસે ૩૫૧૫ બાળકોએ ધો. ૧માં તો ૩૫૧૫ બાળકોએ ધો. ૯માં પ્રવેશ મેળવ્યો છે. જિલ્લાની ૪૫૭ શાળાઓમાં આ સાથે પ્રવેશોત્સવ અને મીની ગુણોત્સવ સંપન્ન થયો છે.

ત્રિદિવસીય ગુણોત્સવના આજે બીજા દિવસે ધો. ૧માં ૧૮૨૩ કુમાર અને ૧૬૯૨ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. જેમાં ૬ બાળકોનું પુનઃ નામાંકન થયું છે. આજ પ્રમાણે ધો. ૯માં ૨૦૯૬ કુમાર અને ૧૬૧૯ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે.

બીજા દિવસે ૪૬ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે. આંગણવાડીમાં ૧૫૬૯ ભુલકાંઓએ પ્રવેશ મેળવ્યો છે. આજે બીજે દિવસે ૪૦,૦૩,૫૨૨ની મત્તાનું દાન શૈક્ષણિક સંસ્થાઓને પ્રાપ્ત થયું છે.

જિલ્લા પ્રવેશોત્સવમાં આ વખતે યોજાઈ રહેલા મીની ગુણોત્સવે સારૂ આકર્ષણ જમાવ્યુ છે. આ પ્રવેશોત્સવની સાથે વણી લેવામાં આવતાં બાળકોને મળતા શિક્ષણની જાણકારીનો સીધો અનુભવ લોકોને થવા લાગ્યો છે.

જિલ્લામાં આ વખતે પણ ૧૦૦ ટકા પ્રવેશપાત્ર બાળકોને આવરી લેવામાં તંત્ર ઉણુ ઉતરશે તેમ લાગી રહ્યું છે. બે દિવસમાં ૭૧૧૮ બાળકોએ પ્રવેશ ધો. ૧માં મેળવ્યો છે. જ્યારે પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૩ હજારથી ઉપર છે.

આજે સૌથી ઓછો પ્રવેશ માણસા તાલુકામાં નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ધોરણ ૧૦માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી નબળી શાળાઓ

ગાંધીનગર તા ૯

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૬ માં લેવાયેલી ધોરણ ૧૦ની પરિક્ષામાં જિલ્લાની ૩૦ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ આવતા જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ શાળાઓને નોટીસ આપવામાં આવી છે. જેમાં ૧૩ ગ્રાન્ટેડ, એક સરકારી તેમજ ૬ સ્વ નિર્ભર શાળાઓનો સમાવેશ થાય છે. જયારે ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ૪ છે. ધોરણ-૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓમાં માણસા આદર્શ વિદ્યાલય, સે-૨૮ સમર્પણ મુક બધિક શાળા, જય સોમનાથ હાઈસ્કુલ માણસા, વલાદ બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલ, કલોલની સાંતેજ વિદ્યામંદિર, માણસાની રામરંગ ઉત્તર બુનિયાદી શાળા, સે-૧૩ તક્ષશિલા સેકન્ડરી સ્કુલ, અંકીની માધ્યમિક શાળા, વિકલાંગ હાઈસ્કુલ, સર્વોદય વિદ્યાવિહાર, મહર્ષિ ગુરુકુલ, સે-૨૭ મહારાણા પ્રતાપ વિદ્યાલય, દહેગામ જ્ઞાનસરિતા માધ્યમિક શાળા, માણસાની નવસર્જન હાઈ સ્કુલ, ગાંધીનગર વસંત માધ્યમિક શાળા અને ગાયત્રી વિદ્યામંદિર સે-૨૪ સ્વામી વિવેકાનંદ માધ્યમિક શાળા, સોરઠ કારડીયા રાજપુત હાઈસ્કુલ, નવયુગ વિદ્યાલય તેમજ એસ જે પટેલ સાવર્જનિક હાઈસ્કુલનો સમાવેશ થાય છે. ધોરણ -૧૦માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ મેળવનારી શાળાઓના આચાર્યોને શિક્ષણતંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે.

## ચોરવાડ ગિરનારા બ્રાહ્મણ બેસણું



અમારા પૂ. માતુશ્રી **રમાબેન રમણલાલ ઠાકર** બુધવાર, તા. ૮/૬/૨૦૧૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. **તેઓનું બેસણું શનિવાર, તા. ૧૧/૬/૨૦૧૬ના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦** રાખેલ છે.

સ્થળ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

| | |
|---|---|
| અનિરૂદ્ધ ઠાકર | ઉષા ઠાકર |
| દુષ્યન્ત ઠાકર | મીના ઠાકર |
| કશ્યપ ઠાકર | પ્રતિભા ઠાકર |
| માધવી ઠાકર | ગિરીશકુમાર ઠાકર |

# સે- ૭ સરકારી માધ્યમિક શાળામાં બે કરોડના ખર્ચે નવુ ફર્નિચર બનશે

## ફર્નિચર અને લાઇટ જોડાણ બાદ લોકાર્પણનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર તા ૯

સે-૭ ની સરકારી માધ્યમિક શાળાનુ નવુ બિલ્ડીંગ તૈયાર કરી દેવાયુ છે. જયારે ટુંક સમયમાં જ શાળાના બિલ્ડીંગમાં ફર્નિચરનુ કામ પણ શરૂ કરી દેવાશે. ફર્નિચરની કામગીરી પાછળ રૂ ૨ કરોડનો ખર્ચ થશે. જો કે હજુ શાળાના બિલ્ડીંગમાં લાઈટનુ જોડાણ આપવાનુ પણ બાકી છે.ત્યારે આ કામગીરીના અંતે નજીકના દિવસોમાં જ નવિન શાળા બિલ્ડીંગનુ લોકાર્પણ કરવામાં આવશે.

શહેરમાં સે-૭ ની માધ્યમિક શાળાને અદ્યતન બનાવવામાં આવી છે. શાળાના બિલ્ડીંગને કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. ત્યારે શાળાનુ નવુ બિલ્ડીંગ હવે ટુંક સમયમાં વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠશે. શાળાના બિલ્ડીંગને અનુલક્ષી સિવિલ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે ટુંકમાં જ શાળામાં અદ્યતન ફર્નિચરનુ કામ હાથ ધરાશે. શાળામાં ફર્નિચર બનાવા માટે રૂ ૨ કરોડનો ખર્ચ થશે. જે અન્વયે વિદ્યાર્થીઓ માટેની બેન્ચ, ખુરશીઓ, કબાટ સહીતનુ ફર્નિચર તૈયાર કરાશે. શાળામાં હજુ લાઈટનુ જોડાણ કરવામાં આવ્યુ નથી. ટુંક સમયમાં આ પ્રકીયા પણ પુર્ણ કરી દેવાશે ત્યારબાદ સે-૭ શાળાના નવા બિલ્ડીંગની લોકાર્પણ વિધિ યોજવામાં આવશે. શહેરમાં સરકારી શાળાઓમાં સુવિધાઓના નામે મીંડુ છે. ત્યારે નગરની આ સરકારી શાળા નમુનારૂપ બની રહેશે.




# તાપમાનમાં ઘટાડો છતાં હજુ તીવ્ર ગરમી

## કેરળમાં મોનસુનની એન્ટ્રી બાદ ગુજરાતભરમાં મોનસુનનો લઈ ઈંતજાર : ગરમીથી બપોરમાં જનજીવન ઠપ

અમદાવાદ, તા. ૯

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ગરમીના પ્રમાણમાં સતત ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. ગઈકાલની સરખામણીમાં આજે પારો ગગડ્યો હતો અને અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૯ ડિગ્રી રહ્યું હતું. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં પણ લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. અનેક જગ્યાઓએ હજુ પણ પારો ૪૧થી ઉપર રહ્યો છે. જેમાં ગાંધીનગર, ઈડર, વીવીનગર, ભાવનગર, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાએ મહત્તમ તાપમાન ૪૧થી ઉપર રહ્યું હતું. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ ગરમીનો અનુભવ હજુ પણ થઈ રહ્યો છે. ખાસ કરીને બપોરના ગાળામાં લોકો તીવ્ર તાપનો અનુભવ કરી રહ્યા છે. પાટનગર ગાંધીનગરમાં આજે ૪૨ ઉપર પારો રહ્યો હતો. કેરળમાં મોનસુનની સત્તાવારરીતે એન્ટ્રી થઈ હોવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે ત્યારે ગુજરાત અને રાજ્યના અન્ય ભાગોમાં ઉત્સુકતાપૂર્વક મોનસુનની રાહ જોવાઈ રહી છે. હાલમાં લોકોને વધુ પ્રમાણમાં પાણી પીવા ઉપરાંત છાશ અથવા અન્ય પ્રવાહનું સેવન કરવાની સાથે લાંબો સમય તડકામાં ન રહેવા, હળવા સુતરાઉ કપડા પહેરવા, ઠંડકવાળા સ્થળો પર સમય-સમય પર આરામ કરવા અને બાળકો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખવા અપીલ કરી છે. બપોરના ગાળામાં રસ્તાઓ સુમસામ બન્યા હતા. આજે સૌરાષ્ટ્ર કચ્છના વિસ્તારોમાં લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com